ગાંધીનગર સમાચાર

શાહપુર-લવારપુર માર્ગને ૧૮ કરોડના ખર્ચે ફોરલેન બનાવાશે

# હાર્દિક પટેલ આજે ગાંધીનગર આવશે

**રતનપુર બોર્ડરથી ગુજરાતમાં પ્રવેશી બપોરે હિંમતનગર ખાતે હુંકાર સભા સંબોધશે અને ત્યાંથી ગાંધીનગર ખાતે કેશુબાપાના આશીર્વાદ લેવા આવશે : લાખો પાટીદારો રતનપુર બોર્ડર હાર્દિકના સ્વાગતમાં જોડાશે**

ગાંધીનગર, તા. ૧૬

આવતી કાલે હાર્દિક પટેલ રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશ કરશે. હાર્દિકના સ્વાગત માટે ગાંધીનગરથી ૧૦૦થી વધુ ગાડીઓ ભરીને ૫૦૦થી વધુ પાટીદારો સાહિત રાજ્યભરમાંથી હજારો પાટીદારો રતનપુર બોર્ડર જશે. બપોરે હિંમતનગર ખાતે હુંકાર



સભાને સંબોધીને હાર્દિક કેશુબાપાના નિવાસસ્થાને ગાંધીનગર આવશે અને તેમના આશીર્વાદ લઈ એરપોર્ટ જશે. હાર્દિક પટેલના આગમનને પગલે પાટીદારોએ સ્વાગતની તૈયારીઓ કરી દીધી છે જયારે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ) ના નેતા હાર્દિક પટેલને ગુજરાતમાં પ્રવેશ પર બંદી હતી. ઉદેપુર રહેતા હાર્દિક પટેલની ગુજરાત પ્રવેશબંધીની તારીખ સમાપ્ત થતા આવતીકાલે મંગળવારે હાર્દિક ગુજરાતમાં પ્રવેશ કરશે. ઉદેપુર નિવાસસ્થાનેથી સવારે ૭ વાગ્યે હાર્દિક રવાના થશે અને ઉદેપુર સ્થિત સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરી ગણપતિ મંદિરે દર્શન કરવા જશે અને એક હજાર ગાડીઓના કાફલા સાથે ગુજરાતમાં પ્રવેશ કરશે. હાર્દિક ૧૧ વાગ્યે રતનપુર બોર્ડર આવી જશે ત્યાં તેના સ્વાગત માટે ગુજરાતભરમાંથી હજારોની સંખ્યામાં પાટીદારો આવી પહોંચેલા હશે. ગાંધીનગરથી પણ ૫૦૦થી વધુ પાટીદારો સ્વાગત માટે રવાના થયા છે. હાર્દિકના શાનદાર સ્વાગત બાદ કાફલો હિંમતનગર જશે. હાર્દિક બપોરે અઢી વાગ્યે હિંમતનગરમાં હુંકાર સભાને સંબોધશે અને સભા પૂર્ણ થયા બાદ કેશુબાપાના આશીર્વાદ લેવા હાર્દિક ગાંધીનગર ખાતે તેમના નિવાસસ્થાન આવવા રવાના થશે. કેશુબાપાના આશીર્વાદ લીધા બાદ તે એરપોર્ટ જઈ બીજા કાર્યક્રમમાં જશે. હાર્દિક પટેલના વિવિધ કાર્યક્રમો પર આઈ-બીના અધિકારીઓએ ખાસ વૉચ રાખી છે. બપોરે હિંમતનગર ખાતે મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડી પાસે હજારો પાટીદારોની ઉપસ્થિતિમાં હુંકાર સભાને સંબોધશે. આ કાર્યક્રમમાં હાર્દિકના ભાષણનું એક એક વાકય ઈન્ટેલીજન્સ બ્યુરો તથા પોલીસ નોટીંગ કરશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આજથી જ ગાંધીનગર રેન્જ આઈજીપી સહિત ચાંપતો પોલીસ બંદોબસ્ત હિંમતનગરમાં ખડકી દેવામાં આવ્યો છે.

# જિલ્લાની ૨૨૭ શાળાઓમાં ગુણોત્સવ યોજાયો

**૭૪ શાળામાં બાહ્ય મૂલ્યાંકન તો ૧૫૩ શાળામાં સ્વમૂલ્યાંકન ; બાળકોએ પાંચથી ૧૦ મિનિટ વહેલી ઓ.એમ.આર. શીટ જમા કરાવી**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની ૨૨૭ શાળાઓમાં આજે ગુણોત્સવ યોજાયો હતો. જેમાં ૭૪ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થયુ હતુ જયારે ૧૫૩ શાળાઓમાં સ્વમૂલ્યાંકન કરાયું હતું.

આજથી શરૂ થયેલા ત્રિદિવસીય ગુણોત્સવના પ્રથમ દિવસે ૪૨,૪૩૯ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થયુ હતુ. જે ૨૨૫ શાળાઓનું મૂલ્યાંકન થયુ છે તેમાં ગાંધીનગરની ૬૬, કલોલની ૪૨, માણસાની ૩૮ અને દહેગામની ૮૧ પ્રાથમિક શાળાઓનો સમાવેશ થાય છે. આ પૈકી ગાંધીનગરની ૨૩, કલોલની ૧૬, માણસાની ૧૨ અને દહેગામની ૨૩ શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન થયુ હતુ.

ગુણોત્સવના પ્રથમ દિવસે જ ૪ પદાધિકારીઓ અને ૧૯ રાજ્યકક્ષાના અધિકારીઓએ બાહ્ય મૂલ્યાંકનની કામગીરી કરી હતી.

રાજ્ય સરકારના મુખ્ય સચિવ જે.એન. સિંહ, રાજ્યના ગૃહ સચિવ એમ.એસ. ડાગુર, મુખ્યમંત્રીના કાર્યાલયમાંથી એસ. અર્પણા, સચિવ રાજીવકુમાર ગુપ્તા સહિતના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

આ ઉપરાંત પ્રભારી મંત્રી ડૉ. નિર્માલા વાઘવાણી, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન, સફાઈ કામદાર વિકાસ નિગમના દર્શનાબેન વાઘેલા પણ ગુણોત્સવમાં જોડાયા હતા.

આજના ગુણોત્સવમાં શાહપુર ખાતે એમ.એન.એસ.માં ઉત્તીર્ણ થનાર જે તે શાળાના બાળકોને અભિવાદિત કરી તેમના જ્ઞાન કૌશલ્યને બિરદાવાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર





# સરકારી શાળામાં સુવિધા શ્રેષ્ઠ પણ બાળકો કેમ ઓછા ? મુખ્ય સચિવ

**રૂપાલના ગુણોત્સવમાં બે તબક્કે ગૃહ સચિવે હાજરી આપી એસ અર્પણા રામનગરની શાળામાં ગયા : પ્રભારી મંત્રી ડૉ. વાઘવાણી, આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર પણ ગુણોત્સવમાં જોડાયા**



ગાંધીનગર, તા. ૧૬

સરકારી શાળામાં આટલી સારી માળખાકીય સુવિધા હોવા છતાંય બાળકોની સંખ્યા કેમ ઘટી રહી છે તેવા અણિયાળા સવાલ સાથે રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહે સે. ૨૮ની સાર્વ. પ્રા. શાળા નં. ૧ ખાતે ગુણોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્ય સચિવ સિંહે બાળકોના વાંચન ટેસ્ટ જાણ્યો હતો. તેમણે વર્ગખંડોની મુલાકાત પણ લઈ અને બાળકોના શ્રૃત લેખનનું પણ નિરીક્ષણ કર્યું હતું.

તેમની સાથે જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, નાયબ મ્યુનિ. કમિશનર બારૈયા હાજર રહ્યા હતા.

મુખ્ય સચિવે શહેરની સરકારી પ્રા. શાળાના બાળકોનો સાંસ્કૃતિક મહોત્સવ ઉજવવાની ભલામણ કરી કહ્યું કે આમાં શાળાઓ ઉપરાંત અન્ય શાળાના બાળકોને નિયંત્રિત કરવા તેમજ તેમના વાલીઓને પણ સરકારી શાળાના બાળકોની ટેલેન્ટ બતાવવી જોઈએ.

તેમણે એવુ પણ સૂચન કર્યું હતુ કે દરેક ધોરણમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ સાથે સમયાંતરે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના શાસનાધિકારીની જગ્યા હજુ ખાલી જ છે

**શાળાઓના વિકાસ અને સંવર્ધન માટે ટુંકમાં જ વર્ગ-૧ના અધિકારી મુકાશે : કલેક્ટર**

ગાંધીનગર, તા. ૧૬

શહેરના પ્રાથમિક શિક્ષણની જવાબદારી સંભાળનાર શાસનાધિકારીની જગ્યા એક વર્ષથી ખાલી પડી છે. અગાઉ પણ આ જગ્યા ખાલી હતી. થોડાક સમય માટે નિયમિત શાસનાધિકારીની નિયુક્તી થઈ હતી. શહેરની સરકારી શાળાઓમાં બાળકોની ઘટતી જતી સંખ્યા સૌની ચિંતાનો વિષય છે તો સરકારે આ શાળાઓનું સંચાલન સ્વૈચ્છીક સંગઠ્નોને આપવાનો વિચાર એક તબક્કે કર્યો હતો પરંતુ શહેરીજનોમાં ઉઠેલા વિરોધને લઈ તે વિચાર પડતો મુકાયો હતો. શહેરની પ્રા. શાળાઓમાં સારી સુવિધાઓ ઉપલબ્ધ છે પરંતુ તેના મોનીટરીંગમાં તે વિશે સરકારના અધિકારીઓ મૌન છે. દરમ્યાન શહેરની પ્રાથમિક શાળાઓના વિકાસ અને સંવર્ધન માટે ટુંક જ સમયમાં વર્ગ-૧ ના અધિકારીને ખાસ જવાબદારી સોંપવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આપ્યા છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે ફેબ્રુઆરીની મધ્યમાં અથવા તો અંતમાં શહેરની તમામ સરકારી શાળાઓના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરવા માટેનું આયોજન પણ હાથમાં લેવાશે.

ગુણોત્સવના પ્રથમ દિવસે સે. ૨૮ની સાર્વ. પ્રા. શાળા નં. ૧ની મુલાકાત પછી જિલ્લા કલેક્ટરે આમ જણાવ્યુ હતુ.

# શાહપુર-લવારપુર માર્ગને ૧૮ કરોડના ખર્ચે ફોરલેન બનાવાશે

**ગીફ્ટ સીટી, નેશનલ હાઈવે તેમજ ગાંધીનગર સાથે જોડાણ ધરાવતા માર્ગ પર ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ રોડનેટવર્કને અપગ્રેડ કરાશે**

ગાંધીનગર તા ૧૬

શાહપુર લવારપુર માર્ગને ફોરલેન બનાવવામાં આવશે. આ કામગીરી માટે માર્ગ મકાન મંત્રી દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપી દેવાતા ટુંકમાં જ માર્ગને અપગ્રેડ કરવા માટે આગળની કાર્યવાહી હાથ ધરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગર નજીક બિઝનેસ હબ તરીકે ઉભરતા ગીફ્ટ સીટીને અનુલક્ષી માર્ગ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહયુ છે. ગીફ્ટ સીટને ધ્યાને લઈ સિગ્નેચર બ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે આ બ્રિજના લીધે ગીફ્ટ સીટીને જોડાણ મળશે. જયારે ગીફ્ટ સીટીને અનુલક્ષી અન્ય આનુસંગિક માર્ગો પણ તબક્કાવાર પહોળા કરવામાં આવી રહયા છે. જેમાં ટુંકમાં જ શાહપુર લવારપુર માર્ગનુ કામ હાથ ધરાશે. જેમાં શાહપુર લવારપુર માર્ગને ફોરલેન બનાવવા માટે અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે માર્ગ મકાન મંત્રી દ્વારા આ કામને સૈધ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે. જયારે હાલ ૭ મીટર પહોળાઈ ધરાવતા અંદાજિત ૪ કી મી લાંબા અંતરના માર્ગને ફોરલેન કરવાની કાર્યયોજના આખરી કરી દેવાઈ છે. આ માર્ગ એકબાજુ નેશનલ હાઈવેને પણ જોડાયેલો છે. જયારે ગીફ્ટ સીટી અને ગાંધીગર શહેર સાથે જોડાયેલા આ માર્ગ પર આમપણ ટ્રાફિકનુ પ્રમાણ વધુ હોય છે. ત્યારે આ માર્ગને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આ માર્ગને ફોરલેન બનાવવા માટે અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ થશે. આ કામગીરી દરમિયાન રૂટમાં આવતા નાળાને પણ ઉંચુ કરી માઈનોર બ્રીજ બનાવાનુ કામ પણ હાથ ધરાશે.

જો કે આ કામગીરીને અનુલક્ષીને આગળ વિભાગ દ્વારા જરૂરી વહીવટી કામગીરી પુર્ણ થયા બાદ જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે અલબત માર્ગને ફોરલેન બનાવાની યોજના હાથ ધરાતા હજુ સમય લાગશે. શહેરી વિસ્તારની આસપાસ તબક્કાવાર રોડ નેટવર્કને અનુલક્ષી કામો હાથ ધરવામાં આવી રહયા છે. જયારે શહેરી વિસ્તારમાં પણ છેલ્લા ઘણા સમયથી સેકટરોના આંતરિક માર્ગો પર ખાડા અને ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જે નિવારવા સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# સરગાસણ-શાહપુર માર્ગનુ ૬ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે

**૬.૫૦ કી મી માર્ગના રિસરફેસીંગ માટે ટુંકમાં કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર નજીકના માર્ગોના નવિનીકરણ માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવે છે જયારે ગીફ્ટ સીટીનું જોડાણ ધરાવતા માર્ગોને પણ અગ્રતા ક્રમે ચકાચક કરવામાં આવી રહયા છે. સરગાસણ શાહપુર માર્ગનુ પણ રીસરફેસીંગ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર નજીક બિઝનેસ હબ તરીકે ઉભરતા ગીફ્ટ સીટીને અનુલક્ષી આનુસંગિક વ્યવસ્થાઓમાં પણ સુધાર કરવામાં આવી રહયો છે. જેમાં ખાસ કરીને ગીફ્ટ સીટીનુ જોડાણ ધરાવતા માર્ગોની વિશેષ સુધારણા હાથ ધરવામાં આવી છે. જેમાં શાહપુર લવારપુર માર્ગને ફોરલેન કરવાની કાર્યયોજના પણ ટુંકમાં હાથ ધરાશે. ગીફ્ટ સીટીને અનુલક્ષી આસપાસના રોડનેટવર્કની સુધારણા માટે ઝડપથી કામો હાથ ધરવામાં આવી રહયા છે. વધુમાં તંત્ર દ્વારા સરગાસણથી શાહપુર માર્ગનુ પણ નવિનીકરણ કરવામાં આવશે. હાલ આ માર્ગનુ સરફેસીંગ ખરાબ થતા તંત્ર દ્વારા માર્ગને યોગ્ય કરવાનો નિર્ણય લેવાયો છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર સરગાસણ શાહપુર માર્ગના રીસરફેસીંગ માટે અંદાજિત રૂ ૬ કરોડનો ખર્ચ થશે. ૬.૫૦ કી મી ની લંબાઈ ધરાવતા આ માર્ગના રિસરફેસીંગનુ કામ ટુંકમાં જ શરૂ કરી દેવાશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com